# શહેરમાં શિયાળાની જમાવટ : ૧૩.૫ ડીગ્રી

## ઠંડીની સિઝનનો મિજાજ નિખરતા નગરજનો ગરમ કપડામાં લપેટાયા : ગઇકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૨ ડીગ્રી ઉંચકાયો : કોરોનાના કહેર વચ્ચે સાંજ ઢળતા ઠંડીના ચમકારાથી જનજીવનમાં સન્નાટો

ગાંધીનગર તા ૨૧ શહેરમાં કોરોનાના વધતા કહેર વચ્ચે ઠંડીનુ જોર પણ વધ્યુ છે. આજે ઠંડીનો પારો અચાનક જ ૨ ડીગ્રી ઉંચકાયો હતો. અલબત્ત લઘુત્તમ તાપમાન ૧૩.૫ ડીગ્રી સુધી પહોંચી ગયુ હતુ. સાંજ ઢળતા જ વાતાવરણમાં ઠંડક પ્રસરી જાય છે. નગરજનો પણ હવે ઠંડીથી બચવા ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. શહેરમાં ઠંડીની સિઝનની શરૂઆતે આજનો દિવસ સૌથી વધુ ઠંડો રહ્યો હતો. કોરોનાના વધતા કહેર વચ્ચે ઠંડીની મોસમ પણ નિખરતા જન આરોગ્ય પર બદલાતી સિઝનની વપરિત અસર જોવા મળી રહી છે.

શહેરમાં કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે ધીમે ધીમે ઠંડીનુ જોર પણ વધી રહ્યુ છે. દિવાળી પર્વ દરમિયાન બજારમાં ભીડ વધતા અચાનક જ કોરોનાના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક વધારો થયો છે. જેના લીધે અમદાવાદ, બરોડા સુરત અને રાજકોટ સહીતના શહેરમાં સરકારે કરફયુ જાહેર કર્યો છે. અમદાવાદમાં સોમવારે સવાર સુધી કરફયુની જાહેરાત કરવામાં આવી છે. જયારે અન્ય શહેરોમાં પણ રાત્રિ કરફયુ આપી દેવાયો છે. કોરોનાનુ વધતુ સંક્રમણ

● અનુસંધાન પાન-૭ પર






















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેકસ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com